**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૦૩/૦૯/૨૦૧૭ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૭૫/૧૭**

## મોબાઈલ ચોરના આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ એન.એ.મુનિયા સાહેબ તથા ઈન્ચાર્જ એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી તથા સે.પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.ડી.ગોહીલ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. જે.એ.બારોટ સાહેબ તથા સ્ટાફના માણસોને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરમા મોબાઈલ ચોરી કરનાર ઈસમ હીરેન રણછોડભાઇ ડાભીઉ.વ. ૨૪ રહે મ.નં. ૧૭ અંબુજાનગર સોસાયટી ઇંડીયા કોલોની રોડ સ્વામીનારાયણ મંદિર પાસે બાપુનગર અમદાવાદ શહેર નાને તા.૦૨/૦૯/૧૭ ના ક્લાક ૧૮/૧૦ વાગે.પકડી આરોપી પાસેથી MI કંપનીનો ૩S પ્રાઈમ ગોલ્ડન કલરનો મો.ફોન. કિ.રૂ.૮૯૯૯/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને અટક કરવામાં આવેલ છે.

આરોપીની વધુ પુછપરછ કરતા સદર મોબાઈલ ફોન આજથી દોઢેક મહીના પહેલા બાપુનગર ડિ માર્ટના પાર્કિંગ માંથી સાંજના સમયે એક ઉમંર લાયક માજી જેઓના ઘરવાળાને હાર્ટએટેક આવવાથી મરણ ગયેલ અને તે દરમ્યાનમાં ભીડમાં હડબડીમાં તે માજીના પર્સ માંથી આરોપીએ માજીની નજર ચુકવી આ મોબાઇલ ફોન ચોરી કરેલાની કબુલાત કરેલ. જે બાબતે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૯/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હોય આરોપીને ઉપરોક્ત ગુનાના કામે અટક કરી આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. જે.એ.બારોટ નાઓ ચલાવી રહેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.